ત્રણ દિવસમાં સ્વેચ્છાએ જાતે દબાણ દૂર કરી દેવા સુચના પણ અપાઇ હતી

## હાલોલ નગરપાલિકા દ્વારા શાકમાર્કેટમાં ખુલ્લા પથારા ઉપરના મુકેલા કેબીનોના દબાણો દૂર કરવામાં આવ્યા

**વહીવટી** તંત્ર દ્વારા રોડની બંને બાજુની જગ્યા ખુલ્લી કરવામાં આવી



(પ્રતિનિધિ) હાલોલ, તા.23
હાલોલ નગરપાલિકા દ્વારા કંજરી રોડ ચોકડી થી હાલોલ બજારમાં જવાના રસ્તા ની આજુબાજુ શ્રમજીવીઓને રોજીરોટી મળી રહે તે માટે સામાન્ય નજીવી ડિપોઝિટ ની રકમ ભરાવીને શાકમાર્કેટના રસ્તાની બંને બાજુ ખુલ્લા પથારા નું જે તે સમયે નગરપાલિકા હાલોલ દ્વારા લાગતા વળગતા ઈસમોને ફાળવણી કરાઈ હતી થોડા સમય પછી શાકભાજીના ખુલ્લા પથારા ઉપર મોટા લોખંડના કેબીનો બનાવી દુકાનો કરી તેમાં લાઈટ ના જોડાણો પણ મેળવી લીધા હતા ત્યારે હાલોલ શાકમાર્કેટમાં ખુલ્લા પથારા ઉપર થયેલા દબાણો પાલિકા ક્યારેય દૂર કરશે તેવા પ્રશ્નો ઉપસ્થિત થતા પાલિકાના ચીફ ઓફિસર ગૌરાંગ પટેલ દબાણ કરતા ઉને ત્રણ દિવસમાં સ્વેચ્છાએ જાતે દબાણ દૂર કરી દેવા જો દબાણ દૂર કરવામાં નહીં આવે તો પાલિકા તંત્ર દ્વારા કાયદેસરની કાર્યવાહી કરી દબાણો દૂર કરવામાં આવશે તેવી જાહેરાત લાઉડ સ્પીકર દ્વારા કરવામાં આવી હતી . પરંતુ તે સમયે પાલિકા દ્વારા દબાણ દૂર કરવાના કોઈપણ પગલાં લેવામાં આવ્યા ન હતા પણ હાલમાં નવીન રોડ રસ્તાની કામગીરી ચાલુ છે ત્યારે દબાણો નડતર રૂપ બનતા પાલિકાએ દબાણ દૂર કરવાની કાર્યવાહી શરૂ કરી રોડની બંને બાજુની જગ્યા ખુલ્લી કરવામાં આવી રહી છે શાક માર્કેટના તમામ દબાણો દૂર કરી દેવામાં આવશે તેવું જાણવા મળેલ છે.

## ઝાલોદના જેતપુરના દંપતી પર હુમલો કરનારને દોઢ વર્ષની કેદ

દાહોદ : ઝાલોદ તાલુકાના જેતપુર ગામે રહેતા સોમાભાઈ ધીરાભાઈએ પોતાની માલિકીની સર્વે નંબર ૪/૨ વાળી જમીનની માપણી કરવાનું નક્કી કર્યું હતું. આ બાબતની અદાવત રાખી તે જ ગામના મહેન્દ્રભાઈ નાનાભાઈ ડામોરે સોમાભાઈ સાથે બોલાચાલી કરી તેમને ઝાપટો મારી હતી. દરમિયાન, મહેન્દ્રભાઈએ ઉશ્કેરાઈ જઈ સોમાભાઈના પત્ની મીરાબેન પર લાકડી વડે હિંસક હુમલો કર્યો હતો. આ અંગે સોમાભાઈએ મહેન્દ્ર ડામોર વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવી હતી. કોર્ટે આરોપી મહેન્દ્રભાઈ માનાભાઈ ડામોરને ઈપીકો કલમ ૩૨૩ ના ગુનામાં ૬ માસની સાદી કેદ તેમજ ઈપીકો કલમ ૩૨૫ (ગંભીર ઈજા પહોંચાડવી) ના ગુનામાં ૧ વર્ષ અને ૬ માસની સાદી કેદની સજા ફટકારી છે. આ ઉપરાંત આરોપીને રૂ. ૧,૦૦૦ નો દંડ અને જો દંડ ના ભરે તો વધુ ૩૦ દિવસની કેદનો હુકમ કરવામાં આવ્યો છે.

ગ્રામીણ આગેવાનોને કાયદાની ગંભીરતા વિશે માહિતી આપી

## ધાનપુરના કાલીયાવાડ ગામે સગીર ઘોડે ચઢે તે પહેલા તંત્રે લગ્ન અટકાવ્યા



(પ્રતિનિધિ) દાહોદ, તા.23
દાહોદ જિલ્લામાં બાળ લગ્ન જેવી સામાજિક બદીને જડમૂળથી નેસ્ત નાબૂદ કરવા માટે જિલ્લા વહીવટી તંત્ર સતત એક્શન મોડમાં છે. ગઈ કાલે બુધવારે ધાનપુર તાલુકાના કાલિયાવડ ગામે એક બાળ લગ્ન યોજનાના હોવાની ગુપ્ત માહિતી જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ સમાજ સુરક્ષા અધિકારીની કચેરીને મળી હતી. માહિતી મળતા તંત્ર દ્વારા ઘટના સ્થળે દોડી જઈ ત્વરિત કાર્યવાહી હાથ ધરી આ લગ્ન અટકાવવામાં આવ્યા હતા.


ટીમ દ્વારા ધાનપુર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી પોલીસ સુરક્ષા સાથે લગ્ન સ્થળની મુલાકાત લેવામાં આવી હતી. ચીફ પ્રોબેશન ઓફિસર આર. પી. ખાટા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી એસ. કે. તાવીયાડ એલ. સી. પી. ઓ. એ. જી. કુરેશી, તાલુકા સહાયક વિજયભાઈ ભાભોર પરેશભાઈ મકવાણા અને મોહનભાઈ ભાભોરે સ્થળ પર જઈ તપાસ કરી હતી. લગ્ન સ્થળે પહોંચીને વર પક્ષના દસ્તાવેજોની ઝીણવટ ભરી ચકાસણી કરતાં માલુમ પડ્યું હતું કે, બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ મુજબ વર (યુવક) ની ઉંમર હજુ ૨૧ વર્ષ પૂર્ણ થઈ નહોતી. કાયદેસર રીતે લગ્ન માટે યુવકની ઉંમર ૨૧ વર્ષ અને યુવતીની ઉંમર ૧૮ વર્ષથી ઓછી હોય તો તેને બાળ લગ્ન ગણાવામાં આવે છે. જે એક ગંભીર ગુનો છે. સમજાવતી મામલો થાળે પાડ્યો હતો. અધિકારીઓની ટીમે હાજર રહેલા કુટુંબીજનોને ગ્રામીણ આગેવાનોને કાયદાની ગંભીરતા અને સજાની જોગવાઈઓ વિશે વિગતવાર સમજ આપી હતી.

## દેવગઢબારિયા નગરમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે અત્યંત બિસમાર, વાહનચાલકો પરેશાન



(પ્રતિનિધિ) દાહોદ, તા.23
દેવગઢ બારીયા નગરમાંથી પસાર થતો સ્ટેટ હાઈવે રસ્તો છેલ્લા ઘણા સમયથી અત્યંત બિસ્માર હાલતમાં છે નગરજનો માટે ગંભીર મુશ્કેલીનું કારણ બન્યો છે. રસ્તાપર પડેલા મસમોટા ખાડાઓ અને ઉડતી ધૂળને કારણે લોકોનું દૈનિક જીવન દુષ્કર બની ગયું છે. તેમ છતાં જવાબદાર તંત્ર અને સ્થાનિક ધારાસભ્ય બચુભાઈ ખાબડ દ્વારા આ ગંભીર સમસ્યાની ગંભીરતાને ધ્યાને લઈ આ સમસ્યાના હલ માટે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી જે, આશ્ચર્યજનકની સાથે સાથે અત્યંત નિંદનીય પણ છે. આ રસ્તાનું નિર્માણ કરનાર ઈજારદારને જિલ્લામાં તથા બારીયા તાલુકામાં અનેક ટેન્ડરો મળ્યા હોવા છતાં કામની ગુણવતા પર કોઈ દેખરેખ રાખવામાં આવી નથી. જેને લઈને આરએન્ડબી વિભાગની સ્પષ્ટ બેદરકારી સામે આવી રહી છે. કારણકે તેઓ પાસે નગરમાં આવીને રસ્તાની બિસ્માર સ્થિતિનું નિરીક્ષણ કરવાનો સમય પણ નથી. હાલમાં સ્થાનિક રાજ્યની ચૂંટણી ચાલી રહી છે. ત્યારે મતદારોને આ માસ મોટા ખાડાઓ વાળા રસ્તા પરથી આવા-જવા મજબૂર પડે છે. બે દરવાજાની સ્મશ્ર સર્કલ નો માર્ગ ખાસ કરીને અત્યંત ખરાબ હાલતમાં છે. જ્યાં ખાડાઓ અને ઉડતી ધૂળના કારણે લોકોના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડી રહી છે. આગામી દિવસોમાં આ પરિસ્થિતિ યથાવત રહેશે તો નગરમાં અનેક બિમારી ફેલાવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ સમગ્ર મામલે તંત્ર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની નિષ્ક્રિયતા સ્પષ્ટ દેખાઈ રહી છે.


## વરવાળા ગામે સગીરાનો આપઘાત કાલોલ પોલીસે તપાસ શરૂ કરી



(પ્રતિનિધિ) કાલોલ, તા.23
કાલોલ તાલુકાના વરવાળા ગામના ગમીરપુરા વિસ્તારમાં એક સગીરાએ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. બનાવ અંગે કાલોલ પોલીસે એડી નોંધ કરી આગળની તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ, વરવાળા ગામના મહેન્દ્રભાઈ રયજીભાઈ બારીયાએ કાલોલ પોલીસ મથકે આપેલી અરજીના આધારે જાણવા મળ્યું હતું કે ગમીરપુરા વિસ્તારમાં રહેતા રંગીતભાઈ રમણભાઈ બારીયાના ખેતરમાં આવેલી ઓરડીમાં 16 વર્ષ 11 માસ અને 4 દિવસની સગીરાએ કોઈ અગમ્ય કારણોસર એંગલ સાથે ઓઢણી વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ બનાવ અંગે કાલોલ પોલીસ મથકે જાહેરાતના આધારે બીએનએસ કલમ 194 મુજબ એડી નોંધ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. પોલીસ દ્વારા બનાવના કારણોની વધુ તપાસ ચાલુ છે.

## દાહોદ શહેરના ગોડીરોડ પાર્ક કરેલી કારમાં આગ ભભૂકી ઉઠતા કાર માલિકને ભારે નુકસાન



**દાહોદ :** દાહોદ શહેર ના ગોડીરોડ ખાતે બપોર ના સમયે અચાનક પડેલ ગાડી માં આગ લાગતા લાખો રૂપિયા નુ નુકસાન થવા પામ્યું હતું દાહોદ ફાયર વિભાગ દ્વારા સતત પાણી નો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી દાહોદ શહેર ના ગોડીરોડ ખાતે રહેતા શબ્બીર ભાઈ હનાન ભાઈ બુલીવલા અને બુરહાન ભાઈ હુસેન ભાઈ ગાગરડીવાળા ના આવેલ નુર સ્ક્વેર એપાર્ટમેન્ટ ના પાછળ ખુલ્લા પ્લોટ મા બપોર ના 15,45 કલાકે અચાનક આગ લાગી જતા દાહોદ ફાયર બ્રિગેડ ના જવાનો દ્વારા સતત પાણી નો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો આગ ના બનાવમાં સ્વીફ્ટ કાર જીજે20 એક્યુ 5239 અને બીલનો જીજે 23 બીડી 2908 આમ બંને ગાડી બળી ગઇ હતી જેમાં અંદાજિત 14 લાખ રૂપિયા નુ નુકસાન થવા પામ્યું હતું આગ ના આગ ના બનાવ મા આગ લાગવાનું કારણ આકસ્મિત બનાવ બન્યો હતો

## સુખસર તાલુકાના બલૈયા ક્રોસિંગ સાઈ નર્સિંગ કોલેજ યોગ તાલીમ વર્ગમાં પૃથ્વી દિવસની ઉજવણી કરાઈ



**સુખસર :** ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા નર્સિંગ કોલેજ બલૈયા ક્રોસિંગ પડલીયા ખાતે યોગ ટ્રેનિંગ ક્લાસ ચાલુ છે.જેમાં મોટી સંખ્યામાં બહેનો યોગ તાલીમ લઈ રહ્યા છે.યોગ ક્લાસમાં પ્રેક્ટીકલ અને થીયરી બંને બાબતો શીખવવામાં આવે છે. જીવલેણ,ભયંકર અને હઠીલા રોગોમાંથી મુક્ત થવા માટે આસન અને પ્રાણાયામ શીખવવામાં આવે છે.તથા ગુસ્સાને કેવી રીતે કંટ્રોલ કરી શકાય?આળસ કેવી રીતે દૂર કરી શકાય?યાદ શક્તિ વધારવા શું કરવું જોઈએ?હંમેશા પોઝીટીવ વિચારો કેવી રીતે લાવી શકાય?શિક્ષણની સાથે સંસ્કારી કેવી રીતે બની શકાય?અને ઘર પરિવારના તમામ સભ્ય સાથે હળીમળીને કેવી રીતે રહી શકાય?નિરોગી અને મસ્ત જીવન જીવવા શું કરવું?આ તમામ બાબતો યોગ ક્લાસમાં શીખવવામાં આવે છે. સાથે પરિવાર,સમાજ,દેશ અને રાષ્ટ્રને ઉપયોગી કેવી રીતે થઈ શકાય?તે માટે વિશેષ દિવસોની ઉજવણી કરવામાં આવે છે .

## મોટીઢઢેલી ખાતે બે દિવસીય યોગ શિબિરનું આયોજન



(પ્રતિનિધિ) સુખસર,તા.23
ગુજરાત રાજ્ય યોગ બોર્ડ નાં ઉર્જાવાન પ્રેરણા સ્ત્રોત,ચેરમેન યોગ સેવક શિશપાલજીનાં માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકામાં મોટી ઢઢેલી ખાતે તારીખ 22/ 4/ 2026 અને તારીખ 23/ 4/ 2026 એમ બે દિવસીય યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.જે સંદર્ભે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા સ્વસ્થ ગુજરાત મેંદસ્વિતા મુક્ત ગુજરાત દરેક તાલુકામાં યોગ ટીચરો તૈયાર થાય,દરેક ગામડે ગામડે,ઘરે ઘરે યોગ પહોંચે તેમજ લોકો સ્વસ્થ અને નીરોગી રહે તે માટે બે દિવસની શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 250થી 300 ની સંખ્યામાં મોટી ઢઢેલી, નાની ઢઢેલી, ડબલારા, પટીસરા, ભીતોડી, નાની બારા, લીમડી, મુંડાહેડા, મારગાળા, હિંગલા, જેવા ગ્રામ્ય વિસ્તારમાંથી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો.આ શિબિરનો મુખ્ય હેતુ સમગ્ર ફતેપુરા તાલુકાના તમામ ગામડાઓમાં યોગ ટીચર ભાઈ બહેનો તૈયાર થાય,તમામ લોકો સ્વસ્થ અને નીરોગી રહે તે માટેનો હતો.

અંગ્રેજી માધ્યમના નવા અભ્યાસક્રમોની જાહેરાત

## શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીમાં SGGU Creator Conclave 2026 સંપન્ન



(પ્રતિનિધિ) ગોધરા, તા.23
ગોધરા સ્થિત શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ખાતે કુલપતિ ડૉ. હરિભાઈ કાતરિયાના માર્ગદર્શન હેઠળ ૨૩ એપ્રિલ, ૨૦૨૬ના રોજ SGGU Creator Conclave 2026નું આયોજન થયું. આ પ્રસંગે કુલપતિએ આગામી સત્રથી યુનિવર્સિટીમાં અંગ્રેજી માધ્યમના સ્નાતક અભ્યાસક્રમો અને વિદ્યાર્થીઓ માટે બસ સુવિધા શરૂ કરવાની મહત્વપૂર્ણ જાહેરાત કરી હતી. કી-નોટ સ્પીકર તરીકે જાણીતા પોડકાસ્ટર જય થડેશ્વરે નેશનલ ક્રિએટર ઈકોનોમી બીલ-૨૦૨૬ અને હકારાત્મક કન્ટેન્ટ બનાવવા પર ભારપૂર્વક માર્ગદર્શન આપ્યું હતું. વિદ્યાર્થીઓ અને પ્રોફેશનલ ક્રિએટર્સને માર્ગદર્શન આપવા પંચમહાલના એસ.પી. ડૉ. હરેશ દુધાતે સાયબર સિક્યુરિટી અને અવેરનેસ અંગે પ્રેઝન્ટેશન રજૂ કરી જાગૃતિ લાવી હતી.

જ્યારે સુપ્રસિદ્ધ ગાયિકા સાંત્વની ત્રિવેદી, સમાજસેવિકા જીયાબેન પરમાર અને ડૉ. રણજીતસિંહ જોજાએ સમાજ ઉપયોગી કન્ટેન્ટ પસંદ કરવા અને આત્મવિશ્વાસ વધારવા પ્રેરક વક્તવ્યો આપ્યા હતા. આ કાર્યક્રમમાં ૧૪૫ જેટલા સોશિયલ મીડિયા ક્રિએટરો, ઈન્ફ્લુએન્સર, કોલેજોના આચાર્યો અને પ્રાધ્યાપકો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત વંદે માતરમ અને દીપ પ્રાગટ્યથી થઈ હતી. સંયોજક ડૉ. રૂપેશ નાકરે સૌનું સ્વાગત કર્યું હતું. કાર્યક્રમના અંતે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ૨૩ ક્રિએટર્સને Content Excellence Award અને ૨૦ ઈન્ફ્લુએન્સરને Community Influencer Award એનાયત કરાયા હતા. કુલસચિવ ડૉ. અનીલ સોલંકીએ આભારવિધિ કરી હતી.

મોટરસાયકલ ચાલકે બેદરકારીથી વાહન ચલાવી જીપની પાછળ ટક્કર મારી હતી

## સુખસરમાં તુફાન જીપ- મોટરસાયકલ વચ્ચે અકસ્માતમાં મોટરસાયકલ ચાલક સહિત બે યુવાનોને ગંભીર ઈજા

મોટરસાયકલ સવાર બે ઇજાગ્રસ્ત યુવાનોની સુખસર દવાખાનામાં પ્રાથમિક સારવાર બાદ વધુ સારવાર માટે દાહોદ ઝાયડસ હોસ્પિટલ ખસેડાયા



(પ્રતિનિધિ) સુખસર,તા.23
સુખસર તાલુકાના મુખ્ય મથક સુખસર ખાતે આજરોજ સવારના દસેક વાગ્યાના અરસામાં તુફાન જીપ મોટરસાયકલ વચ્ચે અકસ્માત સર્જાયો હતો.તેમાં તુફાન જીપ નંબર જીજે-18. બીકે-4174 સંતરામપુર થી સુખસર તરફ આવી રહી હતી. અને સુખસરમાં એચપી પેટ્રોલ પંપની સામેથી પસાર થતા સમયે પાછળથી આવતી સ્પેલેન્ડર મોટરસાયકલ નંબર જીજે-20. બીએલ.2393 ના ચાલકે પોતાના કબજાની મોટરસાયકલને પુરપાટ અને ગફલત ભરી રીતે હંકારી લાવી તુફાન જીપની પાછળ ટક્કર મારી હતી.

જેથી મોટરસાયકલ ચાલક સહિત તેની પાછળ સવાર એક યુવાન જોશભેર તુફાન જીપ સાથે ટકરાઈ રોડ ઉપર પડ્યા હતા.જેમાં આ મોટરસાયકલ સવાર બંને યુવાનોને માથામાં શરીરે તથા હાથે પગે ગંભીર ઈજાઓ પહોંચવા પામી હતી. મોટરસાયકલ સવાર બે યુવાનો ફતેપુરા બાજુથી સુખસર તરફ આવી રહ્યા હતા.અને તેવા સમયે આ અકસ્માત સર્જાયો હતો.

જેમાં મળતી માહિતી મુજબ ઈજાગ્રસ્તોમાં રાકેશભાઈ લવજીભાઈ ગરવાળ (ઉંમર વર્ષ 30)ને માથામાં તથા પગે જ્યારે પંકજભાઈ નારસિંગભાઈ પારગી(ઉંમર વર્ષ 28)ને માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ પહોંચવા પામી હોવાનું જાણવા મળે છે.આ બંને ઈજાગ્રસ્તો ફતેપુરા તાલુકાના વડવાસ ગામના નિશાળ ફળિયાના વતની હોવાનું જાણવા મળે છે.

ગામોમાં રેડ નિષ્ફળ જતાં ગોધરા શ્રમ વિભાગનો લૂલો બચાવ

## લો કરો વાત, પત્રકાર બે દિવસ પહેલા માહિતી આપશે તો શ્રમ વિભાગ બાળ મજૂરી રોકવા જશે

પંચમહાલ શ્રમ વિભાગે પોતાનો બચાવ કરતા બાળમજૂરી પકડવા પત્રકાર પાસે બે દિવસ અગાઉ માહિતી માંગી

(પ્રતિનિધિ) ગોધરા તા.23
પંચમહાલ જિલ્લાના ગામડાઓમાં લગ્નગાળામાં ખુલ્લેઆમ ચાલતી બાળમજૂરી અંગે અહેવાલો અને પુરાવાઓ રજૂ કરી તંત્રને ઢંઢોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. પરંતુ પોતાની નિષ્ફળતા છુપાવવા અને જવાબદારીમાંથી છટકવા માટે ગોધરાની મદદનીશ શ્રમ આયુક્ત કચેરી દ્વારા જવાબદારીમાંથી હાથ ખંખેરતો પત્ર પાઠવવામાં આવ્યો છે. શ્રમ વિભાગે પત્રકારને સત્તાવાર પત્ર લખીને જણાવ્યું છે કે જો લગ્ન પ્રસંગમાં ક્યાંય બાળમજૂરી થતી હોય તો તેની માહિતી પત્રકારે બે દિવસ પહેલાં કચેરીને આપવી, જેથી વિભાગ કાર્યવાહી કરી શકે. આ દર્શાવે છે કે કાયદાનું પાલન કરાવવાની પોતાની બંધારણીય ફરજ શ્રમ વિભાગ હવે મીડિયા પર ઢોળી રહ્યું છે. ગોધરાના મદદનીશ શ્રમ આયુક્ત એમ. જે. સોનીની સહીથી તારીખ ૨૨ એપ્રિલ ૨૦૨૬ના રોજ જાહેર કરાયેલા પત્રમાં જણાવાયું છે કે, ગત ૧૬ એપ્રિલના પત્રના સંદર્ભમાં જિલ્લાની ચાઈલ્ડ લેબર ટાસ્ક ફોર્સની ટીમ દ્વારા ૧૮ એપ્રિલના રોજ રાત્રે ૮ કલાકે શહેરા તાલુકાના સાંપા, ચલાલી, પાદરડી, ગોરાડા, માતરીયા, મંગલપુર, સુરીલી અને ભેંસાલ ગામોમાં રાત્રિ રેડ કરવામાં આવી હતી.જોકે, તંત્રની આ રેડ દરમિયાન એક પણ બાળમજૂર જણાઈ આવ્યો ન હતો તેવો લૂલો બચાવ કરવામાં આવ્યો છે.

રેડમાં કોઈ ન મળતાં શ્રમ વિભાગે પોતાના પત્રમાં સ્પષ્ટ લખ્યું છે કે, આવનાર સમયમાં લગ્નો વિશે સ્પષ્ટ માહિતી હોય તો અગાઉથી ૨ દિવસ પહેલા અત્રેની કચેરીને જાણ કરવી, જેથી ટાસ્ક ફોર્સ ટીમ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરી શકાય. પરંતુ અહીં સૌથી મોટો સવાલ એ ઊભો થાય છે કે શું ગુપ્તચર માહિતી એકઠી કરવી, નેટવર્ક બનાવવું અને કાયદાનું પાલન કરાવવું એ પત્રકારનું કામ છે? બાળમજૂરી રોકવા માટે સ્થાનિક પોલીસ, તલાટી કે સરપંચનું નેટવર્ક ઊભું કરવાની પ્રાથમિક જવાબદારી શ્રમ વિભાગ અને વહીવટી તંત્રની છે. જાગૃત મીડિયાનું કામ માત્ર વ્યવસ્થાની ખામીઓ તરફ તંત્રનું ધ્યાન દોરવાનું હોય છે, નહીં કે વિભાગ માટે બાતમીદાર તરીકેની નોકરી કરવાનું. ગોધરા શ્રમ કચેરીમાંથી મળેલા આ પત્ર પરથી ફલિત થાય છે કે પંચમહાલ જિલ્લામાં શ્રમ કાયદાઓનો અમલ કરાવવા માટે તંત્ર પાસે પોતાનું કોઈ જ વ્યવસ્થિત નેટવર્ક નથી. માત્ર પત્રકાર માહિતી આપે તો જ કાર્યવાહી કરવા જવાનું, તેવો અભિગમ અપનાવીને બેસી રહેલું આ તંત્ર બાળમજૂરી નાબૂદ કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થઈ રહ્યું છે.